આભાર.

શ્રીમાન્ મુનિ મહારાજશ્રી વિનયવિજયજી મહારાજ.

આપશ્રીના વિસ્તૃત વિચારો અને જ્ઞાનથી ઉપસ્થિત થયેલ
દોહનરૂપે "વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ" નું અવલોકન
કરવાથી મ્હને જૈનદર્શન સંબંધે સંશોધન કરેલું
પ્રકાશમાં લાવવા પ્રેરણા થઇ છે તે ઉપકારથી
તથા આ ગ્રંથમાં મહુંમ આચાર્ય શ્રી
આત્મારામજી મહારાજની પ્રાસાદીનો
સંગ્રહ છે તેથી તમો તેમના દિક્ષિત
પૌત્ર હોયને આકાર્ષાઇ આ
ગ્રંથ સાથે આપનું નામ
જોડાવા અને આભાર
માનવા રજા
લઉં
છું.

શ્રી સંઘ સેવક
દેવચંદ દામજી શેઠ
ના ૧૦૦૮ વાર વંદના.



આભાર.

શ્રીમાન્ મુનિ મહારાજશ્રી વિનયલલિતજી મહારાજ.
આપશ્રીના વિસ્તૃત વિચારો અને શમણી ઉપસ્થિત થયેલ
દોહનરૂપે "વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ" નું અવલોકન
કરવાથી મને જૈનદર્શન સંબંધે સંશોધન કરેલું
પ્રકાશમાં લાવવા પ્રેરણા થઇ છે તે ઉપકારથી
તથા આ ગ્રંથમાં મર્હુમ આચાર્ય શ્રી
આત્મારામજી મહારાજની પ્રસાદીનો
સંગ્રહ છે તેથી તમો તેમના દિક્ષિત
પૌત્ર હોયને આકર્ષાઇ આ
ગ્રંથ સાથે આપનું નામ
જોડાવા અને આભાર
માનવા રજા
લઉં
છું.

શ્રી સંઘ સેવક
દેવચંદ દામજી શેઠ
ના ૧૦૦૮ વાર વંદના.

જૈન દિગ્દર્શન.

(જૈન પત્રના ગ્રાહકોને ભેટ.)

સને. ૧૯૧૪ સંવત. ૧૯૭૦

પ્રકાશક,
દેવચંદ દામજી શેઠ
અધિપતી અને માલેક " જૈન "
ભાવનગર.

કિંમત ૧-૪-૦

માતા-પિતાનો મુખ્ય ગુણ પુત્રવાત્સલ્યનો હોય છે, અને તેમાં પણ દેવકરણ શેઠને ત્યાં એકજ સંતાનની પ્રાપ્તિ હોવાથી તેમને બહુ લાડથી ઉછેરવામાં આવતા હતા. તેમની આનંદી બાળચેષ્ટા, નિર્દોષ હાસ્ય અને સરલ ગમ્મતથી તેમના માતા ઝવેરબાઈ બહુ ખુશી રહેતાં અને તેમની સંભાળમાં સઘળો વખત આનંદથી પસાર કરતાં. કમનસીબે માતાને પુત્ર રત્નના પ્રારબ્ધને વિશેષ નિહાળવાનો પ્રસંગ મળે તે પૂર્વે પુત્રની ઉમ્મર હજુ તો આઠ વર્ષની થઇ તેટલામાં દેહમુક્ત થતાં અને તેથી પીતા પુત્રને કૌટુંબિક વર્ગ સાથે ખાવા-રહેવાની ગોઠવણ કરવી પડી.

"પુત્રનાં લક્ષણ પારણામાંથીજ વર્તાય." તે ન્યાયે તેમની કેળવણી પરત્વે રૂચી, તપાસવાની ટેવ તથા ગ્રાહ્ય શક્તિ અસાધારણ હતાં. છતાં તેમના પિતાની સંકુચિત સ્થિતિ હોવાથી અગિયાર વર્ષની ઉમ્મરે તેઓ ગુજરાતી છ ચોપડીનો અભ્યાસ કરી રહ્યા તેટલામાં તેમને દુકાનમાં બેસી હિસાબ આદિ દુકાનનો તેમજ મુખ્ય કામ નામાનું કરવાનું હતું. છતાં તે કાર્ય પિતાની પેઠે ઉપર દેખરેખ પણ રાખવી પડતી અને જો કે ખેતીનું કામ કરવાને માટે ખેડુતને નોકર (સાથી) રાખેલ હતો, તો પણ જમીનની માલેકી અને [illegible] તેની [illegible] કુટુંબને રીતે હતી અને તેથી જમીનની [illegible]

કેટલીક વખત નજીવા સંજોગો પણ ખાસ અનુકુળ થઈ પડે છે. તે ન્યાયે આ પ્રસંગો વીરજીભાઈને લાભ પડયો. કેમકે તેનું હૃદય કોમળ હતું, તેથી ખેતી જેવી સખ્ત મજુરી કરનાર ખેડુત (મજુર)ના થાક માટે તેમને દયા આવતી અને તેથી પોતે શેઠની ઉપ.પીનાળ છતાં તે મોટાઈને બાજુ મુકી પાક વખા-સના જતાં પોતાના ખેડૂત સાથીને બપોરના જમવાને (ભાત) સાથે લઈ જઈ આપતા તથા તેમની સાથે વાતચીતમાં કેટલોક કાળ રોકતા આ પ્રવૃત્તિથી તેઓને આનંદ એ થતો કે પોતાનો સાથી પુખ્ત ઉમ્મરનો અને ધર્મનો રાગી હતો તેથી તે ભજન લલકારતો તે તેઓને સાંભળવાને હોંશ વધવા લાગી. સાથી કે જેનું નામ બાઉચર હતું, તે ગૃહસ્થાશ્રમી છતાં સ્ત્રી પુરૂષ બંને-એ બ્રહ્મચર્યના નિયમ કર્યાં હતા, અને તે વખતો વખત બે વખ ઉપવાસ એકી સાથે ખેંચી કાઢતો. આટલું છતાં તે હમેશાં કામ ઉપર જતો અને રાત્રે તંબુરો લઈ મોડી રાત સુધી ભજન કીર્તન કરતો. વીરજીભાઈને પરીચય વધતો ગયો; તેમ તેમ તે રાત્રીના ભજનમાં પણ જોડાવા લાગ્યા અને પોતે પણ સાથે ગાવા અને ભજન તથા પ્રહ્લાદ આખ્યાન, સુઆખ્યાન, કુંવર બાઈનું મામેરૂં વગેરે કેટલાક ગ્રંથો મોંએ કરી નાંખ્યા. આ પ્રસંગનું પરિણામ એ થયું કે વીરજીભાઈને ભક્તિ ઉપર પ્રેમ જાગ્યો અને બાઉસર તથા વીરજીભાઈ ભક્તના બંને નામથી

ધર્મ—ધર્મ શબ્દ પોકારનારની ધર્મ ભાવના હૃદયમાંથી જીભમાં આવીને વસી હોય તેમ જોવાય છે.

“જૈન” એ ઉપનામનું પ્રમાણ.

હરેક ધર્મમાં જોઈશું તો ઘણો ભાગ પોતાના કહેવાતા ધર્મનું મોં માથું પણ ભાગ્યેજ જાણવા છતાં ફક્ત ધર્મનું ધડ પકડી ઝુઝે છે. પણ તેઓ ધર્મના રહસ્યને સમજતાં શીખે તો પછી આત્મહિત સહેજે સુલભ થઈ શકે. તો પણ શુભ એ ધર્મના અંગે મુકરર થયેલાં નિયમિત ક્રિયાકાંડ અને વ્રત નિયમ તથા પર્વ દિવસોની સરલતા એવી તો અનુકુળ અને સુઘડ પદ્ધતિથી યોજાએલ છે કે વ્યક્તિઓને તે સહજ ભાન કરાવે છે.

પર્યુષણ પર્વ એ જૈન કોમ માટે એવો દિવસ છે કે જેનાથી “જૈન” બિરૂદ ધરાવતાં બાળ વૃદ્ધ સર્વ જાણીતા છે. મોટા શહેરમાં કે નાના ગામડામાં—[illegible] મુસાફરીમાં કે જંગલમાં વસનાર એક જ જૈનપણ આ પર્વના દિવસ તપ—જપ—ધ્યાન ભાવના—સેવા—ભક્તિ અને ધર્મારાધનમાં પસાર કરે છે. ગામડામાં [illegible] જૈન છે તે પર્યુષણના આઠ દિવસ જાણી શકે છે. સામાયિક—પ્રતિક્રમણ—પૂજા—શાસ્ત્રવાંચન વગેરે નિત્ય આવશ્યક [illegible] દિવસનું [illegible] આ આઠ દિવસ અને નહિ તો [illegible] એક દિવસ તો સર્વ કોઈ કરે છે. આ પ્રમાણે જેટલી [illegible] પર્યુષણ દિવસ [illegible] “જૈન” બિરૂદનું ભાન થયું.

ગામનો મોટો ભાગ વસ્થર સંગાથી હોવાથી અને વીરજી ભાઈને પ્રથમ સંસ્કાર એવર ભક્તના થવાથી તેમનું હૃદય વૈદિક ધર્મમાં રંગાયું હતું. તે પર્યુષણ પર્વમાં શાસ્ત્ર શ્રવણ થતાં નવું જાણવા આકર્ષાયું. અને એકડાનો પાઠ પાકો થવા પછી આંક શીખવાને જેમ વિદ્યાર્થીનું ચિત્ત આકર્ષાય છે તેમ પોતાના કુળ ધર્મ માટે અભ્યાસ કરવાની જીજ્ઞાસા થઇ આવી.

જૈનસંસ્કાર અને વૈરાગ્ય ભાવના.

વીરજીભાઇ જૈન ધર્મ માટે જેમ જેમ નવું નવું વાંચતા ગયા તેમ તેમ વધારે ઉંડા ઉતરવા ઇચ્છા થતી ગઇ અને તેના પરિણામે વૈરાગ્ય ભાવ થઇ આવ્યો. અત્યાર સુધીમાં તેઓ દુકાનના કામમાં બહુ થોડો ભાગ લેતા હતા. અને બાકી પુસ્તકો વાંચવા અને સ્તવન, ભજન કરવામાં દિવસ કાઢતા હતા. તેથી તેમના પિતાને વીરજીભાઇના લગ્ન જલદી કરવા ઇચ્છા થઇ. તેઓ માનતા હતા કે સંસારમાં પુત્રનું મોઢું કરવા અને તેનું ધંધામાં ચિત્ત લગાડવાને સ્ત્રી રૂપી બેડી પહેરાવવા જરૂર છે. સ્ત્રીને મોહનીનું રૂપ એટલા માટે આપેલ છે કે તેના સંસર્ગ પાસની મોહ ક્રિયામાં પુરૂષ અંધ બની જવાથી પોતાનું આત્મકલ્યાણ-ધર્મધ્યાન અને વૈરાગ્યના વિચાર વિસરી જાય છે. આ ઉપરથી પોતાના પુત્રના વૈરાગ્યભાવને સંસાર પક્ષમાં ખેંચી રાખવાને તથા પોતાની પરસંચ સ્થિતિ હોવાથી પુત્રવધુ આવતાં ભારે મુશ્કેલે તે માટે

તેમણે વીરજીભાઇનો સંબંધ (સગાઇ) કરવા ધાર્યું, પણ આ ખબર વીરજીભાઇને પડી જવાથી તેમને તેમ કરવા સાફ ના પાડી. અને તેઓ ખરીદ અર્થે ૧૯૫૨ માં જેતપુર ગયા કે જ્યાં ઢુંઢીયાના સાધુ માણેકચંદજી સ્વામી (તપસ્વી) ચોમાસું હતા તેથી તેમને મળ્યા અને ધર્મચર્ચા થવાથી તેમને આનંદ થતાં પોતાને દીક્ષા લેવાની ઇચ્છા થઇ હતી, ને આ અવકાશ મળી આવ્યો, જેથી તુર્ત તેમણે ત્યાંજ દીક્ષા લેવા ધારી રજા માટે પોતાના પિતાને પત્ર લખ્યો.

પ્રેમ એ અદ્ભુત લાગણી છે. સામાન્ય પરિચિત બે વ્યક્તિ વચ્ચે પ્રેમનું બીજ ન ધારેલી રીતે વવાઇ જવા પછી તે વૃક્ષ એવી છુપી રીતે વધી જવા પામે છે કે તેની મજબુતી અને વિશાળતાનું ખરૂં ભાન પ્રસંગે જ થઇ શકે છે. આ સામાન્ય વ્યકિતના પ્રેમનું સ્વરૂપ છે. ત્યારે પીતા પુત્ર વચ્ચેનો કુદરતી પ્રેમ કેટલો વિશાળ હોય તેની ગણના થવી બહુ મુશ્કેલ છે. ગમે તેવા અપરાધ વચ્ચે પણ પિતા પુત્રને નિર્દોષ જુએ છે, ગમે તેવા કુરૂપ વચ્ચે પણ પિતા પુત્રને તેજસ્વી માને છે અને ગમે તેવા વર્તન છતાં પણ પિતા પુત્રને ચાહે છે તેનું કારણ કુદરતી પ્રેમ નહિ તો બીજું શું ?

પોતાના પુત્રનું ચિત્ત સંસારમાં જોઇએ તેવું નથી, તેમ દેવકરણ શેઠ જાણતા હત; છતાં જ્યારે તે દીક્ષા લેવાના છે તેમ તેને ખબર મળ્યા કે તુર્ત જાણે કે તેઓ હમેશને મ

પુષ્કળ સુખાની બેસંતા હોય તેવો આભાસ થયો. મુનિના વ-
ર્તનથી તેનું ચિત્ત કેટલે અંશે સમાધાન છે તે ગણના કરતાં જો-
ટલી તેમની પ્રેમવૃત્તિ ઉદાર થઈ શકી નહિ. તેથી તેઓ પોતા-
ના ભાઈ [illegible] સાથે જેતપુર આવ્યા અને દીક્ષાને માટે
રજા આપવાને લાડથી અનેક પ્રકારે આગ્રહ કરવા ગીરજીબાઈને
પોતાની સાથે લઈ ગયા. કહ્યું છે કે—

पादाकुलकं

हा हा कुत्र कदर्थित कार्यं श्रिमे जन्म मुधा व्यसनार्तैः
काकिण्यर्थं चिन्ता रत्नं हारित मेवद् [illegible]

જેમ કોઈ કોડી મેળવવા માટે ચિંતામણી રત્ન ખોઈ બેસે છે, તેમ દુષ્ટ સંસારની વાસના માટે નિષ્ફળ પ્રયત્નવાળા પુરુષો, પ્રભુ ભજનનો યત્ન કર્યા વિના જન્મ ગુમાવી દે છે.

[illegible] છે [illegible] કે [illegible] પ્રયત્ન કરે, પરન્તુ મનને રોકવા કોઈ સમર્થ નથી. મનનો [illegible] અને સ્વ-
ભાવ છે [illegible] એમ જોઈ [illegible] ને ચિ-
[illegible] સંસાર [illegible]
[illegible]
[illegible]

ફર્યું નહોતું. સ્વાભાવિક કહેવાય છે કે-मन एव ...
कारणम् बंध मोक्षये મન એજ મનુષ્યને બંધ (મોહાદિ) અને
મોક્ષ (છુટાપણા) નું કારણ છે. અને તે પ્રમાણે વીરજીભા-
ઇનું મન મોક્ષ (સંસારથી છુટાપણું) ચહતું હતુ. તેથી તેઓ
ઘરે આવવા પછી—ભૂમિશયન, એકાસણાં, બ્રહ્મચર્ય વ્રત, સ-
ચેત ત્યાગ, એ વગેરે વિરક્ત ભાવનાના આચાર ગ્રહણ કર્યા
હતા. અગર જો કે પોતાની પાસે રહી આ પ્રમાણે કરવા સામે
તેમનું કુટુંબ તાત્કાલિક વાંધા લેતું હતું નહિ તો પણ વી...
ભાઈનું મન હમેશને માટે બંધનમાં રહી તેમ કરવાથી કદી
સ્ખલના થવાની શંકા રાખતું હતું. વળી ગમે તેટલી છુ...
છતાં સંસાર અવસ્થા અને પરિચિત મોહ તેમના ધ...
કાર્યમાં કદાચ અંતરાય લાવે તે બનવા જોગ હતું અને તેથી
એક વર્ષમાં ચાર પાંચ વખત તપસ્વી પાસે જા આવ થઇ
અને અંતે ૧૯૫૩ ના ચોમાસામાં તપસ્વી વેરાવળ હોવાથી
ત્યાં તેમની પાસે ગયા અને દીક્ષા લેવા દૃઢ સંકલ્પ જણાવ્યો.
કેજે ખબર પુનઃ તેમના પિતાને આપતાં તેઓ ત્યાં આવી
ફરી તેડી જવા કહેવા લાગ્યા.

વીરજીભાઇનો નિશ્ચય દૃઢ હતો, અને તેથી સરલતાથી
માર્ગ કરવા અને બને તો પરહિત કરવાના હેતુથી તેમણે
પોતાના પિતાને જવાબમાં વિનંતી કરી કહ્યું કે—

પિતાજી! ગમે તેવા તુચ્છ વિષયમાં પ્રવેશ ... છતાં ઉ જ...

આત્માઓનો સ્વતઃ વેગ વૈરાગ્યમાં જ પલટાવું એ છે. બાકી દૃષ્ટિ- જ્યાં સુધી ઉજ્જ્વળ આત્માઓ સંસારના માયિક પ્રપંચમાં ફ- ન રહે છે ત્યાં સુધી તે કથનની સિદ્ધતા કવચિત્ દુર્લભ છે, નિઃસંશય છે.

મહાવીરનો એક સમય માત્ર પણ સંસારનો ઉપદેશ …એનાં સઘળાં પ્રવચનોમાં એજ 'એજ પ્રદર્શિત કર્યું' છે; …તેવું સ્વાચરણથી સિદ્ધ પણ કરી આપ્યું છે. કંચનવર્ણી …, યશોદા જેવી રાણી, અડગ સામ્રાજ્ય લક્ષ્મી, અને …પ્રતાપી સ્વજન પરિવારનો સમૂહ છતાં તેના મોહને હતાં …કઈ જ્ઞાન દર્શન યોગપરાયણ થઈ એણે જે અદ્ભૂતતા દર- …ી છે, તે અનુપમ છે. એનું એજ રહસ્ય પ્રકટ કરતાં પવિ- …ઉત્તરાધ્યયન સૂત્રમાં, આઠમા અધ્યયનની પહેલી ગાથામાં …લ કેવળીની સમીપે તત્ત્વજિજ્ઞાસીના મુખ કમળથી … …હેવરાવે છે કેઃ—

अधुवे असासयं मि संसारं पि दुक्खप उराए।
किं नाम दुघ्यं तक्कम्मयं जेणाहं दुग्गइं नगच्छेज्जा।

આ વચનોની ધારેલી અસર દેવકરણ … … ઉપર અને તેડવા આવેલ પિતા પોતે પણ … તૈયાર થય…
તપસ્વીએ તેમને અધ્યાત્મ … અને …
…ને તેમની આજ્ઞાથી દિક્ષા અર્પણ … …

[illegible]

[illegible]

દીક્ષા. [illegible]

[illegible]

કે કોઈ જાતી ઈન્સાફ નથી [illegible] ગુરૂ દિક્ષા આપે તૈયાર છે તે ખબરથી વીરજીભાઈ [illegible] પીતાના ગામના [illegible] મુક્ત કરવા [illegible] દેવાની સર્વ વ્યવસ્થા કરી નાંખી; વળી સમકિતસાર [illegible] બહાર પાડવા માટે વૈરાગ્યના ઢુંઢીઆ આર્યાઓએ મદદ કરે તેથી તપા સંઘ સાથે ક્લેશ ન થાય તે માટે તે લોકો ત્યાંથી કચ્છ બહાર [illegible] કરવા કબુલાતથી [illegible] થતાં મોહનલાલ સંતોષકારક થઇ પડ્યો અને બહાર ગામથી હોવાથી એ કામ એમાન એકઠું થયું. આ સર્વ સંયોગોવડે મુકરર તારીખે દિક્ષા દેવા પછી તેઓ વીરજી સ્વામીના નામે પ્રસિદ્ધ થયા જ્યારે તેમના પીતા દેવકરણ શેઠ અભ્યાસમાં આગળ વધે દીક્ષા લે તે પૂર્વે તાવની બીમારીમાં તે પછી બે ત્રણ માસમાં ગુજરી ગયા.

માણેકચંદજી સ્વામીને વીરજી સ્વામીનો પરિચય જે જેમ વધતો ગયો તેમ તેમના બુદ્ધિબળે માણેકચંદજીસ્વામીના હૃદયમાં ઉચ્ચ વિચારો જમાવ્યા અને તેમના જ્ઞાનથી ખુશી થ સવારના વ્યાખ્યાન સિવાય બાકી ઉપદેશ-વ્યાખ્યાન વગે

માટે વીરજી સ્વામી ઉપર ભાર આવ્યો. આ સ્થિતિ વચ્ચે જેત-
પુરસંઘના પોરબંદરના ચોમાસાઓ શાંતિથી પસાર થયાં, આ ચાર-
સામાં વીરજી સ્વામીને વાંચવા ભણવાને ઘણું તક મળી અને
માણેકચંદજી સ્વામીના ગ્રંથ સંગ્રહનો મોટો ભાગ તેઓ દ્રષ્ટિ
તળે કાઢી ગયા.


“ સમજુ પુરુષો હમેશાં સત્ય શોધક હોય છે. ” આ
ન્યાયે જ્યારેજ્યારે વીરજીસ્વામીને વાં-
ચનમાં શંકા. મનમાં કંઈપણ પ્રશ્ન થતો ત્યારે માણેક-
ચંદજીસ્વામીને પુછતા, અને જ્યાંસુધી પો-
તાના મનનું સમાધાન ન થાય ત્યાં સુધી હરગીજ ઢીલા મેલી દેતા
નહિ. એક વખત પ્રકરણ રત્નાકર ભાગ ૩ જામાં હુંડીનું સ્તવન
વાંચતા તેમાં જીન પ્રતિમા સંબંધી પાઠો સૂત્રના અર્થ સાથે
વાચતાં તેમના મનને પ્રતિમા પૂજાની આવશ્યકતા માટે શંકા
થઇ અને તેના પરિણામે સમકિત સલ્યોદ્ધાર ગ્રંથ વાંચવો શરૂ
કર્યો અને આ રીતે બન્ને ગ્રંથના વાંચનથી તેમના હૃદયમાં અ-
નેક પ્રશ્ન ઉત્પન્ન થયા. પોતાના હમેશના રીવાજ પ્રમાણે આ
સર્વે માટે તેમણે ગુરૂને પુછયું, પણ કશું સંતોષકારક સમાધાન
ન મળતાં તે ગ્રંથ વાંચવા મના થઇ અને તેથી ઉત્પન્ન થયેલા
પ્રશ્નો શંકારૂપે દૃઢ થવા પામ્યા.

શંકાનું દૃઢ થવા પછી અને કોઇપણ વાત માટે દ્રષ્ટિ
ભ્રમમાં આવ્યા પછી તેનું નિરાકરણ ન થાય ત્યાં સુધી તેને

લગતા જીણા વાતાવરણમાં પણ બારીક તર્ક કરવાને અને છે.
તે પછીના વિહારમાં તપસ્વીના પગલાં કોઇ સ્થળે લેવાયાં તે
પગલા પ્રત્યેની પુજ્ય ભાવનાના દેખાવે પ્રભુ પ્રતિમા માટે
મના મનને વધારે દ્રઢ બનાવવા કારણ આપ્યું અને વળી
રે ઉંડાણમાં આવતાં તેઓશ્રીના ફોટા લેવાયાનું જાણી વીર
સ્વામીને સ્થાપનાની જરૂરીયાત માટે જે વિચાર થયા હતા
તે છેક મજબુત થયા અને તેથી પોતાની શંકાના વિશે
સમાધાન માટે કોઇ વિદ્વાનનો પ્રસંગ શોધવા લાગ્યા.

શિહોરમાં પોપટનામનો એક જન્મમુંગો માણસ મહારાજ
શ્રી (હાલ ઉપાધ્યાયશ્રી છે તે) વીર વિજયજી મહારાજના પુણ્ય
બળે તેમના દર્શનથી બોલતો થયો. તેવા ખબર તેમણે સાં
ભળ્યા હતા તેથી જ્યારે તેઓ પોતાના ગુરૂ માણેકચંદજીસ્વામી
સાથે અમરેલીમાં સં. ૧૯૫૬નું ચોમાસું રહ્યા ત્યારે તેમની ઇચ્છા
ઉપરોકત વિચારો માટે તેઓશ્રી પાસેથી શંકાનું સમાધાન
કરાવવાની થઇ આવી અને તેજ અરસામાં મહારાજશ્રી વીરવિ
જયજી કે જેઓ પાલીતાણે ચોમાસું હતા ત્યાં પત્ર લખી પોતાની
શંકા માટે પ્રશ્ન પુછવા ઇચ્છા જણાવી અને તેનો ઉત્તર મળ
જવાથી પૂછ્યું કે—

આપ શ્રી જે વસ્તુને હાથમાં અગર કેડમાં રાખો છે
અને તેને (મુહપત્તિ) કહો છો તે ફેરવી તેને હાથપત્તિ
અથવા કેડપત્તિ કહો તો શું ખોટું !



પ્રસ્તાવના.

ધર્મ એ આત્મહિત માટે એક ઉપયોગી સાધન છે; ધર્મના નામે અને ધર્મના કામ માટે મનુષ્ય જે ભોગ આપે છે, તેમાં આત્મહિતનો હેતુ છે. કેમકે આત્માની નિર્મળ જ્યોતિનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવા માટે ધર્મ જ ઉપયોગી સાધન છે. આટલું છતાં ધર્મના નામે ઝઘડા ઉત્પન્ન કરી "મારું તે સારું" કરવા જતાં ધર્મને નામે અધર્મના જે આવરણો આવી નડે છે તેના પરિણામે ધર્મ ગ્રન્થ ઉલટો મલીન આવરણો વધારે છે. આટલા માટેજ ધર્મના શુદ્ધ તત્ત્વને ઓળખવાની જરૂર છે.

ધર્મ એ શબ્દની વ્યાખ્યા આજકાલ જૈન-વૈષ્ણવ-શૈવ-મહમદી-ઇસાઇ- એવા એવા ધર્માભિમાના નામાલંકારમાં આરોપી દેવાથીજ આવા ઝઘડાનું મૂળ કારણ ઉત્પન્ન થતું હોય તેમ માની શકાય. અને આવા નામ મમત્વના મોહમાં ધર્માચરણ—ધર્મ ફરમાન—અને ધર્મભાવનાને ભુલી જવામાં આવે છે. અને તેથી ધર્મ શબ્દની વ્યાખ્યા હિત દૃષ્ટિ વપરાવવામાં બહુ ઓછી કાળજીથી જોવાય છે. પરંતુ જો આ પદ્ધતિમાં સુધારો થવા

જૈન પ્રજા માટે આ એકજ બાર વર્ષનું જુનું અને સ્વતંત્ર પત્ર છે તે દર રવિવારે સવારમાં પ્રગટ થાય છે.

આ પત્રની મુખ્ય ઓફીસ ભાવનગરમાં છે. મુંબાઇમાં બ્રાંચ છે, અને અમદાવાદ તથા કલકત્તામાં એજન્સી છે. જૈન પત્રમાં અંગ્રેજી, ગુજરાતી અને હીંદી લેખો આવે છે. નમુનો મફત મળે છે, ગમે ત્યારે ગ્રાહક થવાય છે.

જૈન પત્રની ભેટો.

ધર્મબિન્દુ
શ્રીપાળ
શ્રાદ્ધવિધિ
અર્હન્નીતિ
શત્રુંજય માહાત્મ્ય
હરિવિક્રમ ચરિત્ર
[illegible]
પ્રદ્યુમ્ન ચરિત્ર
ગિરનાર મહાત્મ્ય
હિન્દી દરબાર
દરેક જૈન દેરાસરના ફોટો
જૈન ચિત્રમાળા
રત્નસાર
કલ્પસૂત્ર
[illegible] વગેરે

તેમાં આવતા વિષયો

સ્વતંત્ર લીડીંગ
વર્તમાન નોંધો
જૈન સમાચાર
મુનિ વિચાર
જૈન જીવન ચરિત્ર
હાસ્ય વિનોદ
વેપારી વિષય
જૈન તિર્થની મુસાફરી
જૈન સંસ્થાના ઇતિહાસ
નવિન વિષયો
વર્તમાન ચર્ચા
વર્તમાન સમાચાર
સંસારી નવલ કથા
વિવિધ પ્રશ્ન—સમાધાન
વગેરે વગેરે

વાર્ષિક રૂ. ૩-૧૦ લખો:—ઓફીસ "જૈન"—ભાવનગર.



પ્રસ્તાવના.

ધર્મ એ આત્મહિત માટે એક ઉપયોગી સાધન છે; ધર્મના નામે અને ધર્મના કામ માટે મનુષ્ય જે ભોગ આપે છે, તેમાં આત્મહિતનો હેતુ છે. કેમકે આત્માની નિર્મળ જ્યોતિનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવા માટે ધર્મ જ ઉપયોગી સાધન છે. આટલું છતાં ધર્મના નામે ઝઘડા ઉત્પન્ન કરી "મારૂં તે સારૂં" કરવા જતાં ધર્મને નામે અધર્મના જે આવરણો આવી નડે છે તેના પરિણામે ધર્મ-શબ્દ ઉલટો મલીન આવરણો વધારે છે. એટલા માટેજ ધર્મના શુદ્ધ તત્વને ઓળખવાની જરૂર છે.

ધર્મ એ શબ્દની વ્યાખ્યા આજકાલ જૈન-વૈષ્ણવ-શૈવ-મહમદી-ઇસાઇ- એવા એવા ધર્માત્માના નામાલંકારમાં આરોપી દેવાથીજ આવા ઝઘડાનું મૂળ કારણ ઉત્પન્ન થતું હોય તેમ માની શકાય અને આવા નામ મમત્વના મોહમાં ધર્માચરણ—ધર્મ ફરમાન—અને ધર્મભાવનાને ભુલી જવામાં આવે છે. અને તેથી ધર્મ શબ્દની વ્યાખ્યા હિત દ્રષ્ટિ તપાસવામાં બહુ ઓછી ફળદાયી જોવાય છે. પરંતુ જો આ પદ્ધતિમાં સુધારો થવા

[illegible] આ ચરિત્ર [illegible] ગુણી [illegible]
[illegible] થઈ તે સ્વાભાવિક છે. [illegible]

આ ઉપરથી [illegible] કરતાં પાછી ધર્મના [illegible] વિચાર [illegible]
[illegible] છે કે [illegible] વિચાર અને [illegible] છે કે [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

વર્તમાન સમયમાં જે લેખકોમાં તેમણે વિજ્ઞાનથી જૈન તત્ત્વોનું સમર્થન કરવાનું માન મહૂમ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરિને આપવું જોઈએ છે. તેઓ મહારાજને બાજુમાં મુકી કેવળ સામાન્ય દૃષ્ટિએ દરેક વિભિન્ન અનુક્રમ ધર્મના તત્ત્વોની સરખામણી જૈન તત્ત્વ કેટલી હદે ઊંચું છે તે સમજાવવાનો તેમનો પ્રયત્ન વિદ્વાનોની માફક પવિત્રમાં મળો-રૂપ જણાયો છે. અને તેથી તે પ્રસંગે મહારાજશ્રીએ જે જુદા જુદા લખાણોથી તૈયાર કરી ગયેલા મી. વીરચંદ રાઘવજી ગાંધી બારીસ્ટર એટ લૉને મોકલ્યા હતા. તે આપણે હવે "જૈનીઝમ" "જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન અને સિદ્ધાંતો"—"જૈનોનું તત્ત્વજ્ઞાન અને માનસિક શાસ્ત્ર"—"જ્ઞાનનો શુભ સિદ્ધાંત" એ વિષયોને સુંદર કાઢી વાચક સન્મુખ રજુ કર્યો છે.

આટલી હદે પહોંચવા પછી મને હાલમાં વિરાજતા મુનિ મહારાજ શ્રી વિનયવિજયજી (ઉપાધ્યાય શ્રી વીરવિજયજીના શિષ્ય) નો વ્યાખ્યાન સાહિત્ય સંગ્રહ નામનો હસ્ત લીખીત ગ્રંથ અમેના શાસ્ત્રી પાસે જોવાની તક મળી. તેમાં લખાયેલા અભિપ્રાય એટલા તો સરળ અને સામાન્ય દૃષ્ટિથી લખાયેલા મેં જોયા કે જેથી તેમની વિશાળ સામાન્ય દૃષ્ટિ માટે સહજ માન સ્ફુરી આવ્યું અને તે ગ્રંથનો લાભ જૈન સમાજને આપવા યત્ન થવાની જરૂર જણાઈ, પરંતુ અત્યારે તે કાર્ય મારા આરંભેલ કાર્યથી નિરાળુ હોવાથી તે વિચાર બાજુપર રાખવા

છતાં પણ તેમાં " ગુણ પ્રશંસા " નો વિષય (જે વિષય તેમની પ્રસાદીના નમુના તરીકે આ ગ્રંથને છેડે જોડી દેવામાં આવ્યો છે.) જોઇ મને એક વિચાર એ આવ્યો કે—જૈન ફિલોસોફી માં જૈનધર્મ ગુરૂના વિચારો એકત્ર કરવા થી વર્તમાન સાધનમ એકનો વધારો થવા ઉપરાંત વિશેષ ફળદાયી નથી. ત્યારે જૈન ફિલોસોફી માટે ઇતર ધર્મ સમાજ શું કહે છે તે જાણવાનો જૈન પ્રજાને લાભ આપવો ખાસ જરૂરનો છે, અને તે જ ખરી ગુણપ્રશંસા છે. આ ઉપરથી આ ગ્રંથનો બાકીના ભાગમાં જૈનેતર—વિદ્વાનો—હિંદુ—યુરોપિયન અને ઇતર સાક્ષરોના જૈન ફિલોસોફી માટેના ભાષણો, નિબંધો યાને લેખો પ્રગટ કરવા જરૂર વિચારી છે.

આ લેખસંગ્રહનું જોડાણ કરવાની સાથેજ મને કલ્પના થઇ કે વાચક સહજ પ્રશ્ન કરશે કે—

જૈન દર્શનના સમર્થ આચાર્યો અને મહા પુરૂષોએ જૈન ધર્મનું સ્વરૂપ યથાર્થપણે જેમાં આલેખ્યું છે, તેવા પ્રાચીન ગ્રંથોનો ક્યાં ટોટો છે કે, મેં આવા પ્રસ્તાવીક ભાષણો અને નિબંધો વાંચવા ભલામણ કરી છે? જૈનના ઘરની વાત ઉકેલવા માટે અન્ય દર્શનીઓ અને પાશ્ચિમાત્ય વિદ્વાનોના શા ગજા છે કે તેમના દ્વારા અમે જૈન તત્વનું સ્વરૂપ સમજવા આગ્રહ કરીએ છીએ? આ અને એવીજ બીજી શંકાઓ સ્વાભાવિક વિચારથી ઉપસ્થિત થવા યોગ્ય છે, અને તેથી આપણી

ર્તમાન ધર્મભાવના તેમજ સમાજ સ્થિતિને અંગે આવા પ્રયત્નોની કેટલે અંશે ઉપયોગીતા છે તે દર્શાવવા કિંચિત પ્રયત્ન કરીશ.

ઘણા પ્રસંગે એમ બનતું જોવામાં આવે છે કે, આત્મામાં જે અંશ મનુષ્યની ભવ્યતાનું બીજ હોય છે તેજ અંશ તેની ખામીઓ અને અપૂર્ણતાનું પણ કારણ જણાય છે. પ્રભુ મહાવીરે આપેલો તત્વ વ્યવસ્થાનું, તેમણે સ્થાપેલા દર્શનમાં પ્રગટેલા અનેક પ્રતિભાસંપન્ન મહાજનોએ બહુ યુકિત પૂર્ણ અને સુંદર રીતે સમર્થન કર્યું છે. અને તે પ્રભુએ પ્રતિપાદન કરેલાં સ્વરૂપમાં અત્યંત પ્રબળ શ્રદ્ધા પૂર્વક તેમણે અનેક દલીલો, યુકિતઓ, સાબીતીઓ અને કારણોવડે પ્રભુના આશયને તેમની સમજણ પ્રમાણે સ્પષ્ટ કર્યો છે, અને વિસ્તાર્યો છે. પરંતુ એ પણ સાથે સાથે કહેવું જોઇએ કે શ્રદ્ધા, પૂજા, ભકિત, અનુરાગ આદિના બાહુલ્યથી યુક્ત તે પુરૂષોની દૃષ્ટિ કહેવાતી હોય ને જનસમાજની દૃષ્ટિ તેને રાગ બુદ્ધિથી લખાએલ કહી શકે, કેમકે એવો નિયમ છે કે, રાગી દૃષ્ટિ હમેશાં એકજ બાજુને અવલોકી શકે છે. સંપ્રદાય પક્ષપાત વિના નભી જ શકતો નથી. તટસ્થ વૃત્તિ તેમનામાં સંભવતી નથી–તેમને પાલવે પણ નહીં. કેમકે શ્રદ્ધા એજ સાંપ્રદાયીક મહા પુરૂષોનું ભૂષણ અને તેમની ભવ્યતા અને પ્રતિભાનું નિદાન હોય છે. જો તેઓ તટસ્થ થવા જાય તો એ નિદાનનો લોપ થવા જાય છે. દર્શન પ્રવર્તકને પોતાનાજ દર્શ-

નના ટીકાકારનું પદ શોભતું નથી. જેમ એક મ્યાનમાં બે
વાર રહી શકતી નથી તેમ શ્રદ્ધા અને તેજ શ્રદ્ધાના વિ
પરત્વે ટીકાકારપણાની વૃત્તિ એ બે એક મનુષ્યમાં રહી શકે
નથી. કેમકે જળ અને અગ્નિની માફક તેઓ પરસ્પરના
વિરોધી હોય છે. આપણા દર્શનમાં પ્રગટેલા મહા પુરૂષોએ
કાંઇ જોયું છે—અનુભવ્યું છે અને લખ્યું છે તે બધું આ શ્રદ્ધા
પ્રકાશમાંજ છે. અલબત તે શ્રદ્ધા વિવેકવાળી અને બુદ્ધિ ધર્મ
ને અવિરોધી હતી પરંતુ ત્યાં પણ તેમનો વિવેક અને બું
શ્રદ્ધાને અનુસરનારા જ ગણાય. શ્રદ્ધાએ જે સિદ્ધાંત મા
હોય તે સમર્થનમાં તેમનો બુદ્ધિ યોગ પ્રવર્તી શકે. કેમ
તેજ તેમના મહત્વનું મૂળ છે. અગરજો તેમ ન હોય તો તે
દૃષ્ટિ એકજ ઇષ્ટ મૂર્ત્તિ તરફ પ્રેમ અને શ્રદ્ધાથી જોવાને બદ
ચોતરફ શમતી રહી હોત અને તેમ થતાં, તેમને કદીજ સાક્ષા
ત્કાર પણ ન થયો હોત, અને તે સાક્ષાત્કારના ફળરૂ
અનેક સુંદર અને ઉચ્ચાશયી ભાવનાઓનું જેમાં ગુંથન
થયેલું છે એવા ગ્રંથોથી પણ આપણે બેનસીબ રહ્યા હોત.

આ ભાગમાં જે લેખોની ચુંટણી કરી છે તે જૈનધર્મની
જે બાજુની અત્યાર સુધી અવગણના થઇ છે, તે બાજુનું
વિવેચન કરનારા છે. શ્રદ્ધા અને ઇષ્ટ મૂર્ત્તિ તરફના પ્રેમમાંથી
ઉદ્ભવતિ વૃત્તિને આ સંગ્રહમાં ગૌણસ્થાન અપાયું છે, અને
તટસ્થપણે નિષ્પક્ષપાત રીતે જૈનદર્શનને અવલોકનારને

બુદ્ધિ ધર્મને પ્રધાનપદ અપાયું છે. અર્થાત આપણે પોતે આપ-
ણા તરફ જે પ્રકાશમાં જોઇએ છીએ તેના કરતા બીજાઓ આપણા
તરફ કેવી દૃષ્ટિએ જુવેછે તેનો ખ્યાલ આપવા માટે આવા સંગ્રહની
મુખ્ય ઉપયોગીતા છે, ટીકા પ્રધાન વીવેચનની આપણામાં બહુ
ખામીછે. પશ્ચિમ તરફથી આવેલી નવી રોશનીના પ્રકાશમાં વસતા
હૃદય ઉપર છાપ બેસાડવા માટે જે રીતે દર્શન ચિકિત્સા થવી
જોઇએ તેવી શૈલીયુકત વિવરણોની બહુ ખોટ છે. શ્રદ્ધાને ગોણ
રાખી બુદ્ધિ અને તર્કવડે પ્રત્યેક સિદ્ધાંતને સમર્થન અર્પવાની
યુક્તિથી આપણે સમાજ વિહીન છે. આ ખોટ પુરી પાડવી
એ આપણી વર્તમાન સ્થિતિને અંગે અમોને બહુ અવશ્યક
જણાય છે. આ એકજ ગ્રંથથી આ ખોટ પુરી પડશે એવું
અભિમાન કે દાવો રાખવાની અમે ધૃષ્ટતા કરતા નથી. છતાં
આ પ્રયત્ન એ દીશામાં છે એમતો અમે કહી શકીશું.

સાંપ્રદાયીકતાના તત્વને બાદ કરી જૈનતત્વને તેના મૂળ
સ્વરૂપમાં બીજાઓ કેવી રીતે જુવે છે તે માત્ર અમ્પક્ષમાં
વિદ્વાનોના લેખોમાંથીજ જાણી શકાય છે. આપણે આપણા
પોશાક, રીતભાત, રહેણીકરણી, આદીને ભલે ગમે તેવી સારી
ગણતા હોઇએ, પરંતુ જેમની મધ્યમાં આપણે વસવાનું હોય
છે તેઓ આપણી તે પદ્ધતિને કેવી ગણે છે, તે જાણવાની જેવી
દરકાર પ્રત્યેક સભ્ય મનુષ્યને હોવી જોઇએ તેટલીજ દરકાર

એક ચુસ્તમાં ચુસ્ત જૈનને, બીજા તટસ્થ વિદ્વાનોની ન
તે કેવો જણાય છે તે સમજવાની અને સમજીને પોતાં
વર્તનમાં યોગ્ય ફેરફાર કરાવવાની હોવી જ જોઇએ. બીજાઓ
અભિપ્રાયનું અવલોકન કરવાથી ઘણીવાર બે મહાન લાભ
છે, એક તો એ કે તે અભિપ્રાય-દર્શાવનારે પોતાના લેખમાં
તુલનાત્મક આભાસનું તત્ત્વ દાખલ કર્યું હોય છે, તે ઉ
અમુક રહસ્ય માત્ર જૈન દર્શનમાંજ હોવાનું જે ખોટું ગુમા
આપણા અંતઃકરણમાં ભરાઇ રહેલું હોય છે તે નરમ
જાય છે અને અમુક સત્ય ચોકસ સંપ્રદાયમાંજ મર્યાદીત
રહેવા સંબંધની કેટલાક સંકીર્ણ ભાવનાઓ છુટી જઇ હૃદય
ઔદાર્ય અને વિસ્તાર અનુભવે છે. બીજું એકે નિત્યના પરિચ
યથી અને પુનઃ પુનઃ દ્રષ્ટિપથમાં આવવાથી કેટલાક ગંભિ
સત્યો જે આપણને સામાન્યવત્ થઇ પડેલા હોય છે, તે
આવા નવીન શૈલી અને પદ્ધતિથી લખેલા લેખોથી, મહ
સમજાય છે. જેમ કંદોઇના છોકરાને નિત્યના પરિચયથી ગમ
તેવી મોંઘી મીઠાઇ ઉપરથી મોહ ઉતરી ગયેલો હોય છે, તેમ
આપણા ઘણાખરા જૈન બંધુ જે ક્રીયા અથવા ભાવનાનું પદ
પદે આચરણ કે સ્મરણ કરતા હોય છે તે પ્રત્યે નિત્યના પરિ
ચયથી, હૃદય પૂર્વક કાંઇજ મહત્વ અનુભવી શકતા નથી-જ
પદાર્થોની પેઠે સત્યો પણ કાળના ઘસારામાં જુના પડી જાય છે અને
તેમને શૈલી કે પદ્ધતિના ચમત્કારથી નવિનતા આપવામાં ન

મારે તો તે સત્ય મનુષ્ય હૃદય ઉપર અસર કરતું બંધ પડે છે. એનું એજ સત્ય નવા આકારમાં તેઓજ દર્શાવી શકે છે. જે-ઓને સંપ્રદાયના ચક્રમાં આવેલા હોતા નથી, સત્યાન્વેષણની જેમને જીજ્ઞાસા હોય છે. અને ગમે તે દેશ કાળમાં ઉછરેલા મૂળ સત્યને તેની આગંતુક પ્રચલિત ભાવનાઓથી જુદી પાડી, કદર પૂર્વક જોઇ શકે તેમ હોય છે.

જૈનદર્શનની ઐતીહાસીક દૃષ્ટિએ થયેલા અન્વેષણની ખાત્રી એટલી બધી સ્પષ્ટ છે કે તે દીશાનો દરેક પ્રયત્ન આવકારદાયક ગણાવો જોઇએ, એમ સર્વ કોઇ કબુલ કરશે. જૈન ધર્મનું સ્વરૂપ સમજવાનો અખંડ પ્રયત્ન કરનાર પંડિત જેકોબીએ દુનીઆને આ થોડા વર્ષમાં જે કાંઇ જણાવ્યું છે તે ન થયું હોત તો આજે પણ જગત જૈનને બુદ્ધના દર્શનની એક શાખા માત્ર ગણી નિભાવી લેતુ હોત, પરંતુ એક વિદેશી વિદ્વાને વર્તમાન વિદ્વદ્ સૃષ્ટિમાંથી એ ભ્રમ દુર કરવાનું માન મેળવ્યું છે. જૈન સંપ્રદાયના કુંડાળામાંથી એવો પ્રયાગ કરનાર કોઇ નરવીર હજી સુધી નિકળ્યો નથી.—જેકોબી, બા વિદ્યાભુષણ, બારટ આદિ વિદ્વાનોએ એ દિશામાં ઉદ્યમ કરી સિદ્ધ કર્યું છે કે જૈન એ બુદ્ધ ધર્મની શાખા નથી પણ સ્વતંત્ર દર્શન છે, એટલુંજ નહીં પણ તે બુદ્ધની પહેલાનો છે. ઉભય દર્શનનો તુલનાત્મક પદ્ધતિએ ઉંડો અભ્યાસ કરી પ્રો. જેકોબીએ ઘણાંજ દિલમાં આવી જણાવ્યું છે કેઃ—

The Buddhists frequently refer to the *Niy* or Jains as a rival sect, *But* they never so much as that this sect was a newly founded one. On the contrary, from the way in which they speak it, it would seem that this sect of Niganthas was *Buddha's* time already one of long standing, or other words, it seems probable that Jainism is considerably older than *Buddhism*.

અર્થાત:—"બુદ્ધો પુનઃ પુનઃ નીગંથો અથવા જૈનો એક પોતાના હરીફ મતાવલંબીઓ તરીકે ઉદ્દેશે છે, પરંતુ એવી લેશ પણ સુચના તેઓ કોઇ સ્થળે નથી કરતા કે જૈન દર્શન એ નવુંજ ઉભું કરવામાં આવ્યું હતું, તેથી ઉલટું તેઓ જે પ્રકારે જૈનોના સંબંધે બોલે છે તે ઉપરથી એમ જણાય છે કે બુદ્ધના કાળમાં જૈન એ ઘણા કાળથી ચાલ્યું આવતું દર્શન હતું અથવા બીજા શબ્દોમાં કહીએ તો એમ સંભવે છે કે જૈનદર્શન એ બુદ્ધદર્શન કરતાં ઘણું પ્રાચીન છે."

આ વાત તે વિદ્વાન અનેક દલીલોથી સિદ્ધ કરે છે, ઉભયની તત્ત્વ વ્યવસ્થામાં કેટલી ભિન્નતા છે, અને ઉપર ઉપરથી જણાતા કેટલાક પારિભાષિક શબ્દોના સામ્યમાં અર્થ પરત્વે કેટલો તફાવત છે તે તેમણે દર્શાવ્યું છે. વળી બુદ્ધોએ જૈનમાંથી ... પોતાનામાં ગુપ્ત રીતે લીધા છે અને તે છતાં તેઓ

શબ્દોનો અર્થ જૈનો કરતાં બુદ્ધો કેટલો જુદો અને વિરોધી રીતે કરે છે, તે પણ જાણ્યું છે, દ્રષ્ટાંત તરીકે "આસ્રવ" શબ્દ જેનો ભાવાર્થ "સ્રુ" ધાતુ ઉપરથી "ઝરવું" "આત્મામાં પ્રવેશવું" એવો થાય છે, અને જૈનોએ પણ તેજ બાબને અનુકુળ આવે તે રીતે શબ્દનો અર્થ યોજ્યો છે. તેજ શબ્દ બુદ્ધોએ જૈનોના પાસેથી અનુકરણના રૂપમાં લઇ લીધો છે, અને તેનો અર્થ "પાપ" "અપવિત્રતા" એવો કરે છે, એમ પ્રોફેસર જેકોબીએ હુમણાંજ જાહેર કર્યું છે, જ્યારે અમુક શબ્દનો પ્રથમ જ ઉપયોગ થાય છે ત્યારે હમેશાં તે શબ્દના મૂળ ધાતુને લક્ષ્યમાં રાખી તેના ભવને અનુરૂપ આવે તેવા અર્થમાં જ તે વપરાય છે. પરંતુ જ્યારે સંપ્રદાયમાં સ્થાપીત અને પ્રચલીત થયેલા તે સ્પષ્ટ અર્થવાહક શબ્દને બીજા દર્શનવાળા પોતાના ઉપયોગ માટે લે છે ત્યારે અનુકરણનું લાઘવ ઢાંકવા સારૂ તેને જરા મરોડ આપી બીજા અર્થમાં યોજે છે. આસ્રવ શબ્દ સંબંધે તેમજ થયું છે. જૈન પરિભાષામાં તેનો અર્થ તેના મૂળ ધાતુથી અવિરોધપણે કરવામાં આવે છે—અર્થાત આત્મામાં કાંઇ પદાર્થનું આવવું, પછી તે શુભ હોય વા અશુભ હોય કે તેથી ઉલટું બુદ્ધદર્શનમાં તેનો અપવિત્રતાના રૂપમાં જ ઉપયોગ થાય છે, એજ જણાવી આપે છે કે તે શબ્દ જૈનોએ બુદ્ધ પાસેથી નહી પણ બૌદ્ધોએ જૈન પાસેથી ઉઠાવી લીધો છે.

આવી સૂક્ષ્મ મિમાંસા કરનાર વિદેશી અને
વિદ્વાનોના જૈનદર્શન પરત્વેના લેખોનું મનન કરવાની
અગત્ય છે, તેના સબંધમાં ભાગ્યે જ બેમત હોઇ શકે
ખરૂં છે કે તેવા લેખોમાં બહુધા આપણા બાંધી રાખેલા
શોને મળતું આવે તેવું હોતું નથી. ઘણી વખત આપણી
ક્ષીત ભાવનાઓને ધક્કો પણ પહોંચે છે અને જે અજ્ઞા
અંધકારમાં અખીલ સત્ય તરીકે ગણાતું ચાલ્યું આવતું
છે તે ઐતિહાસીક અન્વેષણના પ્રકાશમાં એક ખંડ સત્ય
પ્રતિત થવા માંડે છે. પરંતુ તેથી કશી જ હાની નથી.
થતાં મૂળ વાચકોની ઐતીહાસીક દ્રષ્ટિ ખુલે છે, અને તે દિ
વધુ પ્રયત્ન કરી પોતાની ભાવનાને તે પ્રકાશમાં સ્થાપિત કર
વાનો ઉદ્યોગ સેવાય છે અથવા પોતાની મૂળ માનનીતા તે
શ સાથે અસંગતિ પામે તો પડી મુકાય છે. આ પ્રમાણે
ઉપર તરી આવે છે અને અસત્યનો થડ છુટી જાય છે. શ્રદ્ધા
અને બુદ્ધિનો કલહ મટી જઇ ઉભયનું સાહચર્ય બંધાય
અને ઉભયનો એક બીજાની સહાયથી વિકાસ પામતે પામે
જીવનના સર્વોત્કૃષ્ટ લક્ષ્યની નજીકને નજીક ગતિ થતી જાય છે.

આટલા વિવેચન પછી મને વિશ્વાસ છે કે આ ગ્રંથ આ
પણા સમાજમાં આદર પામશે. અને આપણા સંબંધી બીજાના
અભિપ્રાયો સાંભળવાની વાચકોને ઉમદા તક મળશે. આ નિબં
ધોને પ્રગટ કરવામાં તેનો પ્રસંશાનો ભાગ ગ્રહણ કરી બીજા

ારી હેવાથી એટલી ન્યાય થતાં મૂળ હેતુ સાચવી શકાય નહિ
થી જે જે ભાષણો અને નિબંધો અન્યદર્શનીયોના પ્રગટ કર્યા
, તે સર્વ અક્ષરસઃ બહાર લાવવાને સંભાળ રાખી છે. આટલું
તાં આ ગ્રંથ જૈનત્વથી છેક અજ્ઞાત વાચકના હાથમાં
આવે તોપણ જૈનદર્શન સંબંધે ભ્રમમુલક ખ્યાલ ન બંધાય
ટેલા માટે તેવા લેખકના લેખમાં કોઈ સ્થળે જૈનદર્શનની
શાસ્ત્રીક વ્યવસ્થા સાથે વિરોધ પામતી વાત જોવામાં આવી છે,
ત્યાં ત્યાં બને ત્યાંસુધી ફુટનોટોમાં ખુલાસા કર્યા છે. અને
આશા છે કે તેથી મુળ લેખકને પણ પોતાના વિચારોને આ-
ગળ કેળવવા તથા અભ્યાસમાં મૂકવાને પણ તે ઉપયોગી થઇ
પડશે.

જૈન ધર્મ માટે અન્ય વિદ્વાનોના આવા લેખો જે પ્રગ-
ટ થયેલ છે તે કરતાં બહોળા પ્રમાણમાં હું સંગ્રહ એકઠો કરી
શકયો છું. પરંતુ જૈન પત્ર લવાજમના પ્રમાણમાં જે બહોળું
વાંચન પુરૂં પાડે છે. તેના પ્રમાણમાં આવક ખર્ચનો અડસટો
તપાસતાં સ્વબળે જેટલું અમારા વાચકને પુરૂં પાડવા બની
શકેલ છે, તેટલાજ પ્રમાણને પ્રકાશમાં લાવી સંતોષ માનવો
પડયો છે. અગર જો કે મારી ઇચ્છા તે વિશાળ અ પ્રગટ લેખો-
નો લાભ વાંચક-વર્ગને આપવાને સ્હાનુભુતિ દર્શાવે તેવા ઉ-
ત્સાહી બન્ધુને તે માટે યોગ્ય વ્યવસ્થા કરવા ગોઠવણ કરવાનો
થયો હતો. પરંતુ વિચાર કરતાં જૈન શ્રીમંત સમાજ જ્યાં પો-

તાના ભાણા ઉપરથી માંખો ઉરાડવામાંજ આત્મહિત સ
છે, ત્યાં સમાજના હિત માટેના આ કાર્યમાં તેમની
કરવાને દુરસ્ત ધાર્યું નથી. તો પણ આ ગ્રંથના વાંચન
પછી અમારો વાચક વર્ગ તેવા વધારે નિબંધો મેળવવાને ઇ-
ચ્છા દર્શાવશે તો બીજા પ્રસંગે તે ઇચ્છા પુરી પાડવા યત્ન
કરીશ.

પ્રસંગોપાત જણાવવું જોઇએ કે આ વિષયને અંગે
જુદા જુદા નિબંધો મેળવી આપવા માટે મુખ્ય મદદ મારા
સ્નેહી અને જૈન પત્રના ઉત્પાદક રા. ભગુભાઇ ફતેહચંદ તરફ-
થી મળી છે, અને તે માટે તથા જૈન પ્રજા અને જૈન પત્ર માટે
તેમણે જે તન, મન અને ધનનો અગણીત ભોગ આપેલ છે તે
માટે તેમનો હું મ્હારા તથા જૈન સમાજ તરફથી અંતઃકરણ
પૂર્વક આભાર માનું છું. તેમજ આ પુસ્તકને વધારે આવકાર
દાયક બનાવવા માટે મારા સ્નેહી મી સુશીલનો શ્રમ ખાસ
લાગણી યુક્ત અને પ્રશંસાપાત્ર છે. તે માટે તેમનો હું દેવાદાર
થયો છું. આ ઉપરાંત ગ્રંથ સંકળનાની સરળ ભાવના ઉપજવાની
મુનિ મહારાજશ્રી વિનયવિજયજીના લેખે જે લાગણી ઉત્પન્ન કરી
છે તેથી આકર્ષાઇ તેમનું જીવન મેળવવાના મારા શ્રમમાં મહા-
રાજશ્રી તરફથી પોતાના માટે કંઇ નહિ મેળવી શકવાની નિરા-
શામાં તેમનાથી ખાનગી સર્વ બીના મ્હારા એક મિત્ર મી........
તરફથી બની શકતી રીતે પુરી પાડવામાં આવી છે. તેથી

ઓર અવશ્ય આનંદ થયો છે, અને આશા રાખું છું કે રત્નનું અવલોકન વાંચકને અવશ્ય લાભપ્રદ નિવડશે.

પ્રસંગોપાત જણાવવું જોઇએ કે આ ગ્રંથ જૈન પ્રજા જ ખાસ નિર્મિત થયેલ નથી. પરંતુ જૈનેતર પ્રજાને જૈન ફિલોસોફીનો અભ્યાસ કરવાને એક ખજાનો થઇ પડશે. એટલું નહિ પણ ભવિષ્યમાં કોઇપણ જૈનેતર વિદ્વાન તેના વાંચન જૈનધર્મ માટે અનુભવ મેળવી પોતાના અભ્યાસમાં સારૂ જવાબ પાડી શકશે. કે જે આ પ્રયત્નની અંતિમ ભાવના પ્રત્યક્ષ ફળ જોવા હું સર્વદા ઇંતેજાર રહીશ.

છેવટે અમારો વાચક વર્ગ અને જૈન સમાજ ગ્રંથને પ ઇતિ વાંચી જૈન સિદ્ધાંતોની અપૂર્વતા માટે સમજવા થઇ ત્મહિતના સાધનને હૃદયગમ્ય કરશે તો હું મારા યત્નને કૃતકૃત્ય થયો સમજીશ.

જૈન પત્રની ઓફીસ–ભાવનગર. તા. ૨૨મી જુલાઇ સને ૧૯૧૪ વીર સવત ૨૪૪૦ ના આષાઢ વદી ૧૪ સંવત ૧૯૭૦	લી૦ દેવચંદ દામજી શેઠ. અધિપતી અને માલેક “ જૈન ”



શ્રી જૈનદર્શન.

(૧)

* જૈનશિક્ષાદિગ્દર્શન.

यस्य निखिलाश्च दोषा न सन्ति सर्वे गुणाश्च विद्यन्ते ।
ब्रह्मा वा विष्णुर्वा हरो जिनो वा नमस्तस्मै ॥ १ ॥

તત્ત્વાભિલાષી મહાશય!

જગત્ની અંદર ચેતન અને જડ (પૌદ્ગલિક આદિ) એ પ્રકારના મુખ્ય પદાર્થો છે, અને તે બન્નેની અંદર અનંત

---

* શ્રીમદ્ શાસ્ત્ર-વિશારદ જૈનાચાર્ય વિજયધર્મસૂરિજીએ તારીખ [illegible]-૧-૧૧ ના રોજ અમદાવાદમાં [illegible] [illegible] [illegible] [illegible]મુખ વાંચેલો નિબંધ.

શક્તિઓ રહેલી છે, જે સમયે જડ વસ્તુનો ઉદય થાય છે,
સમયે ચેતનાવાદ ગૌણ થઇ જાય છે અને જ્યારે ચેતના
ઉદય થાય છે, ત્યારે જડવાદ ગૌણતાને ધારણ કરે છે, આ
પક્ષોને જો નિરપેક્ષ દૃષ્ટિથી દેખવામાં આવે, તો ત્હેનો વિ
પ્રતિભાસ થશે; કિન્તુ સાપેક્ષ રીતિથી જોવામાં આવે
સ્યાદ્વાદન્યાયાનુસાર ત્હેમાં કોઇ હાનિ માલૂમ પડશે નહિ.
હેવાનો મતલબ એજ છે કે, જડવાદનું જ્ઞાન થયા સિવાય
તનવાદનું જ્ઞાન થવું અસંભવિત છે. એટલા જ માટે
જડવાદ અનાદિ અનન્તકાળથી ચાલ્યો આવે છે ત્હેવી રીતે
તનવાદને પણ સમજવો, કેમકે ચેતનવાદ વિના જડવાદ
નો પ્રયોગ કરવો પણ અતિ દુર્લભ છે. જેમકે ચોર શબ્દ
હુકારની અપેક્ષા રાખે છે, ત્હેવીજ રીતે સહુકાર શબ્દ પણ
શબ્દની જરૂર અપેક્ષા રાખે છે. અને તેટલા જ માટે વસ્તુ સં
ત્રમાં સાપેક્ષતા રહેલી માલૂમ પડે છે. આ પ્રમાણેની સાપેક્ષ
લક્ષ્યમાં રહેતી હોય તો વૈર, વિરોધ, ઇર્ષ્યા, અનાદરતા, દ
નભિન્નતા, વિવેકશૂન્યતા, અલ્પજ્ઞતા, નિર્નાથતા, છિન્નભિન્ન
ખણ્ડન, મણ્ડન વિગેરે દૂષણો કદાપિ ઉત્પન્ન થાત નહીં; કે
દૂષણોના આજે આપણે અનુભવ કરી રહ્યા છીએ તે અનુ
કરવાનો સમય આવત નહીં. આમ છે તો પણ આજ કેટલ
ભારત ભૂમિના ભૂષણરૂપ નરરત્નો સમસ્ત ધર્મોની એકતા
રક્ષા અને આર્યાવર્તભૂમિનું ગૌરવ વધારવાને માટે પ્રયત્નશી
થએલા છે, તેજ એક મ્હોટો આનંદનો વિષય છે.

પહેલાં પણ આ સેખકે કલકત્તાની અંદર આજ સજ્ઞા-
રમ અધિવેશનમાં એક 'જૈનતત્ત્વદિગ્દર્શન' નામનો નિ-
ોતાઓને સ્રવણ કરાવ્યો હતો, તેજ (લેખક) આ સમ-
| આર્હત્ધર્મ સંબંધી પક્ષપાતને જલાંજલી આપીને
પૂર્વોક્ત મહાશયોના પ્રયત્નને અમૂલ્ય સમજીને તત્ત્વજ્ઞાન
ના નિબંધ વાંચવા ઉપસ્થિત થયો છે.

મહાશયો! જૈન સિદ્ધાન્ત મહાસાગરથી મ્હારા હૃદયરૂપી
ીમાં અપ્રમત્તતારૂપી નહેર દ્વારા આજ સુધી એક બિંદુ
પણ આવ્યું નથી. જ્યહારે હું આપ લોકોની સન્મુખ
; માત્ર કહીશ એવી પ્રતિજ્ઞા કરવી પણ ઘણી કઠિણ છે.
એવ હું તમોને બિંદુ થકી પણ અલ્પ મ્હારા બોધને
નને) અનુસાર આર્હત દર્શનરૂપી મહેલનો પાયો, ભીંત
મોક્ષ રૂપી દેવ, ગુરૂ અને ધર્મની યથાશક્તિ વ્યાખ્યા કરી
ળાવું છું. આપ લોકો જાણતા હશો કે જે મકાનનો પાયો,
ı અને મોક્ષ મજબૂત નહિ હોય તે મકાન અકસ્માત્ પડી
નો ભય રહે છે અને ત્હેમાં રહેવાવાળાઓના મનમાં પણ
રકુલ વિશ્વાસ રહેતો નથી. તેવીજ રીતે દર્શન રૂપી મહેલ-
મજબૂતી ખાસ કરી દેવ, ગુરૂ અને ધર્મ ઉપર આધાર રાખે
અને એટલાજ માટે ત્હેની (દેવ, ગુરૂ, ધર્મની) વ્યાખ્યા ક-
ી આ સમયે વધારે આવશ્યક સમજાય છે.

એ તો નિશ્ચય જ છે કે દેવ, ગુરૂ અને ધર્મ જેની અંદ-

ર યુક્તિયુક્ત હોય છે, તેમજ તેમાં ત્હેના ગુણ તથા દેખવામાં આવે ત્યારે તે ગ્રાહ્ય થાય છે, અન્યથા થતો નથી.

હવે ઉદ્દેશાનુસાર પહેલાં દેવનું સ્વરૂપ કહેવું ઉચિત કેમકે જાણવા લાયક-પદાર્થનું સ્વરૂપ જ્હાં સુધી ન પડે ત્હાં સુધી શ્રોતાઓને લાભ થવાનો સંભવ રહેતો એટલા માટે પહેલાં આર્હત દર્શન રૂપી સુંદર મહેલના રૂપી દેવનુંજ સ્વરૂપ કહું છું અને ત્યારબાદ ગુરૂનું અને નન્તર દેવ, ગુરૂઓએ પ્રરૂપેલ ધર્મનું લક્ષણ, સ્વરૂપ ત્હેની આરાધનાના પ્રકારનું વિવેચન કરીશ.

મહાશયો ! દેવ બે પ્રકારના હોય છે. ૧ લૌકિક, ૨ લોકોત્તર. ત્હેમાં ભુવનપતિ, વ્યન્તર, વાણવ્યન્તર, (ભુત, શાચાદિ) જ્યોતિષ્ક અને વૈમાનિકાદિ અનેક પ્રકારના દેવો કિક દેવ કહેવાય છે અને તે સર્વજ્ઞ નહિ હોવાથી રાગદ્વેષ દોષોએ કરી યુક્ત હોય છે. જો તેઓની આરાધના કરવા આવે તો તે મોક્ષ ફલને કદાપિ આપી શકતા નથી. લોકો દેવ 'अर्हन्' શબ્દથી જૈન સાસ્ત્રમાં સુપ્રસિદ્ધ છે.[1] ત્હેનું સ્વ

---

૧ આવશ્યકનિર્યુક્તિ નામના ગ્રંથમાં શ્રીમદ્ ભદ્રબાહુસ્વામી લખે છે

रागदोसकसाए इन्दिआणि य पंचवि ।
परीसहे ओवसग्गे नामयंता नमोऽरिहा ॥ ३२ ॥
इन्दियविसयकसाए परीसहे वेअणाउवस्सग्गे ।
ए ए अरिणो हन्ता अरिहन्ता तेण वुच्चंति ॥ ३३ ॥

સિદ્ધાન્તાનુસારે આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજે
સ્વનિર્ણય તથા વીરશાસનના રહસ્યભૂત અષ્ટકની અંદર
મમાણે આપેલ છે યથા:—

यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वथा ।
न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः ॥१॥
न च मोहोऽपि सज्ज्ञानच्छादनोऽशुद्धवृत्तकृत् ।
त्रिलोकख्यातमहिमा महादेवः स उच्यते ॥२॥
यो वीतरागः सर्वज्ञो यः शाश्वतसुखेश्वरः ।
क्लिष्टकर्मकलातीतः सर्वथा निष्कलस्तथा ॥३॥
यः पूज्यः सर्वदेवानां यो ध्येयः सर्वदेहिनाम् ।
यः स्रष्टा सर्वनीतीनां महादेवः स उच्यते ॥४॥

ભાવાર્થ—જેહેને કલેશ ઉત્પન્ન કરનાર રાગ સર્વથા પ્ર-
નથી, જેહેને ઉપશમરૂપી કાષ્ટને દહન કરવા દ્વેષરૂપી દાવા-
નથી, તેમજ સમ્યગ્જ્ઞાનને નાશ કરવાવાળો અને અશુભ
ર્ગને વધારવાવાળો મોહ પણ નથી, વળી ત્રણ લોકમાં જેહે-
મહિમા પ્રખ્યાત છે તે મહાદેવ કહેવાય છે. ૧-૨.

જે વીતરાગ છે, સર્વજ્ઞ છે અને શાશ્વત સુખના માલીક
, વળી જે કિલષ્ટ આઠ પ્રકારનાં કર્મ રહેની કળાએ કરીને રહિ-
છે, અને જે દરેકથી નિષ્કલંક અર્થાત્ નિર્મલ (ઉજ્વલ શુક્લ) છે

ત્યારેજ તે સિદ્ધ ગણવામાં આવે છે, દેહ યુક્ત દશામાં
કર-આર્હન્ દેવ કહેવાય છે અને દેહમુક્ત દશામાં સિદ્ધ
છે. આ સમયે ચોવીસમા તીર્થંકર શ્રી મહાવીર
શાસન પળાય છે. કેમકે તેઓના ઉપદેશાનુસારજ
અનુયાયિ લોકો ચાલે છે. હવે આગળ પણ તીર્થંકર
શકે છે કે જે તીર્થંકર થવાને યોગ્ય તીર્થંકર નામકર્મને
કરે છે. ગમે તે જીવ હોય, પણ જો અરિહંતાદિ [૧]વીસ
એક, બે કે સમસ્તની આરાધના કરે તો તે તીર્થંકર ના
બાંધીને તીર્થંકર થઇ શકે છે. અને જે તીર્થંકર નામ રૂપ
કર્મને ભોગવે છે તેહનો સંસારમાં પુનર્જન્મ થતો નથી.

હવે અનેક તીર્થંકરની અપેક્ષાથી ઈશ્વર અનાદિ
અને જો એકજ તીર્થંકરની અપેક્ષા લેવામાં આવે તો
આદિ ગણી શકાય છે, સમસ્ત તીર્થંકરોનો ઉપદેશ
હોય છે. એટલા માટે કોઈના પણ શાસનમાં કંઇ પણ

---

१ अरिहन्तसिद्धपवयणगुरुथेरबहुस्सुए तवस्सीसु ।
वच्छल्लया य एसिं अभिक्खनाणोवओगे अ ॥ ७ ॥
दंसणविणए आवस्सए य सीलव्वए निरइयारो ।
खणलवतवच्चियाए वेयावच्चे समाही य ॥ ८ ॥
अपुव्वनाणगहणे सुअभत्ती पवयणे पभावणया ।
एएहिं कारणेहिं तित्थयरत्तं लहइ जीवो ॥ ९ ॥

(आवश्यकनिर्युक्ति)

તો નથી. તીર્થંકર ભગવાન્ દેહાવસ્થામાં જે ઉપકાર જગત્ પર કરે છે ત્હેને લેઇને તેઓની આજ્ઞાનું આરાધન મન, વચન કાયાથી અમે લોકો પોતાનું કલ્યાણ સમજીને કરીએ છીએ, ને તેઓની આજ્ઞા વિના સમસ્ત ક્રિયાઓ પણ વ્યર્થજ સમજીએ છીએ, જેમકે એકડા વિનાનાં હજારો મીંડાં (બિંદુ) વ્યર્થ જ છે ત્હેવીજ રીતે આજ્ઞા વિના ધર્મ કૃત્યથી યથોક્ત ફળ મળતું નથી, મહાવીર દેવની આજ્ઞાનું સ્વરૂપ ધર્માધિકારમાં આગળ બતાવવામાં આવશે.

હવે તીર્થંકર અને સામાન્ય કેવળીમાં શું ફેર છે? તે સમજાવવાને માટે કિંચિત્ પ્રયત્ન કરૂં છું—જો કે તીર્થંકર અને સામાન્ય કેવળીમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યાદિમાં તો કંઈ પણ ભેદ નથી, કિન્તુ તીર્થંકર તેજ કહી શકાય છે કે, જેઓએ પૂર્વોક્ત વીશસ્થાનની આરાધના કરીને પુણ્ય વિશેષ પ્રાપ્ત કર્યું છે, જ્હેના લીધે ચોત્રીસ અતિશય અને પાંત્રીસ વાણીના ગુણો તેમનામાં હોય છે અને તે વાણી શ્રદ્ધાવંત જીવોને પાપ કર્મ નાશ કરવામાં ખડ્ગ રૂપે થઇ પડે છે.

તીર્થંકર ભગવાન્ તત્ત્વનો પ્રકાશ કેવળજ્ઞાન થયા બાદ કરે છે, અત એવ તેઓના આગમમાં કોઈ પણ વિરોધ આવતો નથી. જો કે જન્મ થવા સમયે તો સમસ્ત અર્હન્ દેવોને મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાન રૂપ ત્રણજ જ્ઞાન હોય છે અને તે જ્ઞાનથી કેટલાએક પદાર્થો જાણે છે. પરન્તુ સમયનું

સૂક્ષ્મ, સૂક્ષ્મતર, સૂક્ષ્મતમાદિ ભાવોનું પ્રત્યક્ષજ્ઞાન કેવળજ્ઞાન થયા વિના થતું નથી. એટલા માટે આત્માની વાસ્તવિક ઋદ્ધિ કેવળજ્ઞાન અને કેવળદર્શન વિના થઇ શકતી નથી. તે ઋદ્ધિને પ્રગટ કરવાને માટે અર્હન્ દેવ સમભાવ પૂર્વક સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યગ્ચારિત્ર, અને તપ રૂપ સમાધિનું સેવન કરે છે. તથા ઘાતિકર્મોને નાશ કરવાને માટે નિર્જળ ઉપવાસાદિ અને અનેક પ્રકારના ઉપસર્ગ, પરિષહોને સહન કરે છે. આ વિષયમાં જેઓને સવિસ્તર વૃત્તાન્ત જોવાની અભિલાષા હોય તેઓએ હેમચન્દ્રાચાર્યકૃત ત્રિષષ્ટિશલાકા પુરૂષચરિત્રને આદ્યન્ત જોવાની ભલામણ કરૂં છું.

હવે ગુરૂતત્વનું વિવેચન કરવાની ભૂમિકા હાથ ધરૂં છું. ગુરૂનું સામાન્ય લક્ષણ બતાવતાં હેમચન્દ્રાચાર્ય પ્રભુ પોતાના યોગશાસ્ત્રના દ્વિતીય પ્રકાશની અંદર લખે છે કેઃ—

महाव्रतधरा धीरा भैक्षमात्रोपजीविनः
सामायिकस्था धर्मोपदेशका गुरवो मताः ॥८॥

ભાવાર્થ: જે નિર્દોષ ભિક્ષાથી વૃત્તિ કરવાવાળા છે, સામાયિક (સમતા) ધારણ કરી રહે છે, વળી જે બીજાઓના હિતને માટે ધર્મનો ઉપદેશ કરતા ધીર થઈ મહાવ્રતને ધારણ કરે છે. તેજ પુરૂષ જૈન ધર્મમાં 'ગુરૂ' કહેવાય છે. તથા સાધુ-ગુરૂ (ભાવ સાધુ)ને માટે આ આવશ્યક નિર્યુક્તિમાં પણ કહ્યું છે કેઃ—

निव्वाणसाहए जोए जम्हा साहन्ति साहुणो ।
समा य सव्वभूएसु तम्हा ते भावसाहुणो ॥ २४ ॥

ભાવાર્થઃ—જેઓ નિર્વાણના સાધક યોગને સાધે છે
દરેક જીવોને વિષે સમાનપણે રહે છે તેઓ ભાવસાધુ
ાય છે.

અથવા અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અને ત્યાગ
ર્મમત્વ) રૂપ પાંચ મહાવ્રતોનું સ્વયં મન, વચન, કાયાથી
ન કરવાવાળા, કરાવવાવાળા, અને અન્ય કરવાવાળાની સ્તુતિ
ાર પણ ગુરૂ કહેવાય છે.

અહિંયાં પાંચ મહાવ્રતોમાં જે મુખ્ય અહિંસા રાખવામાં
ાર્યું છે હેનું મુખ્ય કારણ એજ છે કે, અહિંસા દેવીના
ારની રક્ષા કરવાને માટે જ; બાકીના ચાર મહાવ્રતરૂપી ચાર
ડ (ભીંતો) છે.

આત્માનો નાશ કરવો તેને હિંસા કહે છે તેમ નથી, કિંતુ
ાને કોઇ પ્રકારે દુઃખ દેવું તે પણ હિંસા છે. જો કે આત્મા
ાર્થિક નયની અપેક્ષાથી સર્વથા અક્ષય હોવાથી હેનો નાશ
થાતો નથી, તથાપિ શરીરથી પ્રાણોનો વિયોગ થવાથીજ
ા માનેલી છે. હેને માટે સૂત્રકૃતાંગની ટીકામાં લખ્યુ છે કેઃ—

ान्द्रियाणि त्रिविधं बलं च उच्छ्वासनिः श्वासमथान्यदायुः ।
ा दशैते भगवद्भिरुक्तास्तेषां वियोगीकरणं तु हिंसा ॥१॥

થ છે. અહિંયાં એક શંકા થવાની સંભાવના છે કે મન વિના એકેન્દ્રિય જીવોની પ્રવૃત્તિ- નિવૃત્તિ કેમ થઇ શકતી હશે ? તેનો ઉત્તર તેજ છે કે સમસ્ત જીવોને આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, મૈથુન-સંજ્ઞા, અને પરિગ્રહસંજ્ઞા આ ચાર સંજ્ઞાઓ માનેલી છે, અને તે સંજ્ઞાઓ એકેન્દ્રિય જીવોને પણ હોય છે. તેનાથીજ તે આહારાદિ ગ્રહણ કરી લે છે.

પ્રાણ પુદ્ગલ રૂપ છે અને તેનો નાશ કરવાથીજ હિંસા થાય છે. કેમકે તેનો નાશ થવામાં જીવને દુઃખ ઉત્પન્ન થયા વિના રહેતું નથી. જ્યારે બીજા પ્રાણીને રાગદ્વેષથી દુઃખ ઉત્પન્ન કરવું તેનું નામ હિંસા છે તે તો હું પ્રથમજ કહી ગયો છું. એટલા માટે તત્ત્વાર્થસૂત્રમાં પણ કહ્યું છે કેઃ—प्रमादात् प्राणव्यपरोपणं हिंसा "

ઉપરોક્ત હિંસાનો ત્યાગ કરવાને માટે ભવ્ય જીવ ગૃહાદિ છોડીને સાધુ થઇ જાય છે, એટલુંજ નહિ પરંતુ અહિંસા વ્રતની રક્ષા કરવાને માટે કદાપિ મિથ્યા (જુઠું) બોલતા નથી, કેમકે જુઠું બોલવાથી મનુષ્યને દુઃખ ઉત્પન્ન થાય છે. બીજો તે પણ નિયમ છે કે પુછયા સિવાય કોઇ પણ વસ્તુને તેઓ ગ્રહણ કરતા નથી. કેમકે મનુષ્યોને પોતાનું ધન પ્રાણ તુલ્ય હોય છે. અને સ્તેય હરણ કરવું તે પ્રાણ હરણ કર્યા બરોબર ગણ્યું છે. તેવીજ રીતે બ્રહ્મચર્યનું પાલન પણ અહિંસાને માટેજ કરે છે. કેમકે અર્હન્ દેવે કેવળજ્ઞાન દ્વારા સ્ત્રીના 'ગુહ્યસ્થાનમાં'

ધર્મનું રહસ્ય છે. તેથી સર્વથી પહેલો એ વિચાર ઉપસ્થિત થાય છે કેઃ—

વિશ્વ શું છે ?

આ વિશ્વને આદિ છે કે નહી, તે નિત્ય છે કે ક્ષણિક તે સંબંધમાં અનેક મતભેદ છે, પરંતુ આ ભાષણમાં હું એનો વિચાર કરીશ નહીં. હું તો કેવળ જૈન ફિલોસોફીને આ સંબંધમાં શું સિદ્ધાંત છે એનુંજ નિવેદન આપની સમક્ષ કરીશ. હું એમ માનું છું કે કોઇ સિદ્ધાંત અથવા મતનું જ્ઞાન જ્યાં સુધી તેની બધી દીશાઓ અવલોકવામાં ન આવે, ત્યાં સુધી થઇ શકતું નથી. આ વિચારનું સમર્થન અમો અનેક દૃષ્ટાંતોથી કરીએ છીએ. આ સિદ્ધાંત ઉપર અમોએ હાથી અને સાત આંધળાઓની કહેવત ઘટાવી છે. તે સાત અંધ પુરૂષો એમ જાણવા માગતા હતા કે હાથી કેવો હશે ? અને તે જાણવા માટે તેઓએ હાથીના જુદા જુદા અંગોને અડકીને તેના અખિલ સ્વરૂપનો નિશ્ચય બાંધી દીધો હતો. અને તેથી તેઓ સૌ તે સ્વરૂપ સંબંધે એક બીજાના અભિપ્રાયથી જુદા પડી ઝઘડતા અથવા કદાગ્રહી બન્યા હતા. તે માટે જો આપને સત્ય જાણવાની ઇચ્છા હોય તો, જેમ તે અંધજનોને હાથીને બધી બાજુએ જોઇ તેના સ્વરૂપનો નિર્ણય બાંધવાની જરૂર હતી, તેમ તમારે પ્રત્યેક વિષયને બધી બાજુએથી જોવો જોઇએ. તે માટે અમે કહીએ છીએ કેઃ—

આ રીતે જોતાં જગત અનાદિ છે અને બીજી રીતે જોતાં આદિત છે. વિશ્વને સમુચ્ચયથી લહીએ તો તે અનાદિ કેમકે વિશ્વ એ વસ્તુમાત્રનો સમૂહ છે. તે સમૂહ પ્રત્યેક તેને તેજ પરમાણુ ધારણ કરી રાખે છે. તેથી સમૂહ- એ અનાદિ છે. પરંતુ એ મંદા સ્કંધના જે ભાગ છે તેમાં પરમાણુ ફેરફાર થયા કરે છે, અને તેની જુદા જુદા સમયમાં જુદી જુદી અવસ્થા થયા કરે છે. તેનો પ્રત્યેક ભાગ હર સમય એક સરખો રહેતો નથી, તેમાં ફેરફાર થયાજ કરે છે; કેમકે પ્રત્યેક આકારનો વિનાશ થાય છે, અને તેના સ્થાને નવિન આકારની ઉત્પત્તિ થાય છે, તેથી વિશ્વને એ દ્રષ્ટીએ જોતાં તે અનાદિ નથી.

